Letter No: TDD/0070/06/2024 Dt: 10-06-2024

**આશ્રમશાળામાં બાળકોને શારીરિક શિક્ષા અથવા માનસિક ત્રાસ આપવા ઉપર પ્રતિબંધ મૂકવા બાબત.**

## ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ,
**ઠરાવ ક્રમાંક:** TDD/FDD/e-file/25/2024/0474/GH
સચિવાલય, ગાંધીનગર.

**વંચાણમાં લીધા:**

(૧) " ધી રાઇટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯" કલમ-૧૭(૧), ૧૭(૨) અને કલમ-૩૮

(૨) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, ગાંધીનગરનો તા.૧૬/૦૫/૨૦૨૪ નો પત્ર ક્રમાંક: આવિ/આશા/ફા.નં. ૩૦૬૦/૨૦૨૪/૩૨૬૪

**આમુખ:-**

ભારત સરકાર દ્વારા ૬ થી ૧૪ વર્ષના તમામ બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે સંસદમાં "ધી રાઇટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯" પસાર કરીને તમામ બાળકોને મૂળભૂત બંધારણીય અધિકાર આપેલ છે. આ કાયદાની કલમ-૧૭માં નીચે મુજબની જોગવાઇ છે.

(૧) કોઇપણ બાળકને શારીરિક શિક્ષા અથવા માનસિક કનડગત કે માનસિક ત્રાસ આપી શકાશે નહિ.

(૨) પેટા કલમ (૧) ની જોગવાઇઓનો જે કોઇ ભંગ કરશે તેવી વ્યક્તિ સામે આવી વ્યક્તિને લાગુ પડતા સેવા નિયમો હેઠળ શિસ્ત વિષયક પગલાં લઇ શકાશે.

આ કલમની જોગવાઇઓનો અમલ કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. સરકાર દ્વારા પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ :-**

ભારત સરકાર દ્વારા આમુખ (૧) માં દર્શાવવામાં આવેલ "The Right of Children to free and Compulsory Education Act 2009" ની કલમ-૧૭(૧), ૧૭(૨) અને કલમ-૩૮ની જોગવાઇ મુજબ

(૧) રાજ્યમાં આવેલી આશ્રમશાળાઓ, ઉત્તર બુનિયાદી આશ્રમશાળા અને ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓના કોઇપણ બાળકને શાળાના શિક્ષકો અથવા આચાર્ય(સંચાલક) દ્વારા કોઇપણ કારણસર શારીરિક શિક્ષા કે માનસિક ત્રાસ આપવા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવે છે. જેનો તમામ સંબંધિતોએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. જો કોઇપણ વ્યક્તિ દ્વારા આ જોગવાઇનું ઉલ્લંઘન થતું માલૂમ પડશે અથવા તે અંગે કોઇ રજૂઆત કે ફરીયાદ મળશે અને તેમાં તથ્ય જણાશે તો તેવી વ્યક્તિ સામે તેને લાગુ પડતા શિસ્તવિષયક પગલાં લેવામાં આવશે.

(૨) આ ઠરાવનો અમલ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ એટલે કે જૂન-૨૦૨૪ થી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(પી.એમ.પટેલ)**
ઉપ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

**પ્રતિ,**

- માન. રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી(આ.વિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર

Signature Not Verified
Signed by: Mrs. P M Patel
Under Secretary
Date: 2024.06.11
12:09:41 +05:30

File No: TDD/FDD/e-file/25/2024/0474/GH Section
Approved By: Cabinet Minister,TDD_Min_Office,TDD

*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, બ્લોક નં.૭, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, બ્લોક નં.૫, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર
- સર્વે પ્રાયોજના વહીવટદારશ્રી- (કમિશનરશ્રી(આ.વિ.) મારફતે)
- સર્વે મદદનીશ કમિશનરશ્રી- (કમિશનરશ્રી(આ.વિ.) મારફતે)
- સર્વે આદિજાતિ વિકાસ અધિકારીશ્રી (આશ્રમશાળા)-(કમિશનરશ્રી(આ.વિ.) મારફતે)
- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર, વિભાગની વેબસાઇટ પર ઓનલાઇન મુકવવાની વ્યવસ્થા કરવા સારુ
- શાખા સિલેક્ટ ફાઇલ.

Signature Not Verified
Signed by:Mrs. P M Patel
Under Secretary
Date: 2024.06.11
12:09:41 +05:30


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*